INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી ता,२૯.०७.२०२४

- **સરદાર સાહેબ માટે આદર્શ ગામો એજ સ્મારકો હતા, તેઓ પ્રતિમા અને સ્મારકોના સખત વિરોધી હતા- મનહર પટેલ**
- **ભાજપાએ સરદાર પટેલની મુર્તિ બનાવી પરંતુ તેના વિચારોને મુર્તિમંત કરવા માટે તેના કામ કે ગામ (કરમસદ) ને ક્યાય યાદ ન કર્યા. – મનહર પટેલ**
- **આયોજન પંચ સમક્ષ કરમસદને JNNURM સમાવવાની ૨૦૦૬,૨૦૧૦ અને ૨૦૧૨ એમ ત્રણ ત્રણ વાર માંગ કરનાર તત્કાલીન મુખ્યમંત્રીશ્રી મોદી દેશના પ્રધાનમંત્રી થયા પછી રાત ગઈ બાત ગઈ ? - મનહર પટેલ**

**કેન્દ્ર સરકાર પાસે ત્રણ માંગ,**

1. **"કરમસદ આખા દેશનુ કેન્દ્ર થશે" સરદાર સાહેબના સપનાને મુર્તિમંત કરવાના ઉદ્દેશ સાથે વિશેષ દરજ્જો અને બજેટ ફાળવામા આવે.**
2. **રાજકીય રીતે કરમસદને તાલુકા પંચાયત અને વિધાનસભાની બેઠકનુ નામ આપવામા આવે.**
3. **કરમસદને અન્ય કોઇ નગર કે મહાનગરનો ભૌગોલિક કે રાજકીય હિસ્સો બનાવવામા ન આવે.**

સરદાર વલ્લભભાઇ પટેલ કરમસદમા એક આદર્શ ગામનુ સપનુ જોતા હતા, તેમના આ વિચારોને મુર્તિમંત કરવા તત્કાલિન કોંગ્રેસની સરકાર અને શ્રી ભાઈકાકા,શ્રી ભીખાકાકા (ભીખભાઈ સાહેબ-કરમસદ) અને શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે સાર્થક ભગીરથ પ્રયાસો કર્યા, ઇન્દુલાલ યાજ્ઞિક દ્વારા સંપાદીત "ગ્રામ વિકાસ" મા તા.૨૦.૦૯.૧૯૪૭ ના અંકમા ઉલ્લેખ છે કે સરદાર પટેલ કરમસદમા આદર્શ ગામનુ સપનુ સેવતા હતા.
તેમના સ્વપ્નની વિદ્યાનગરી,ઉદ્યોગનગર અને આરોગ્યની સંસ્થાઓનુ નિર્માણ થયુ. કરમસદ અને બાકરોલ ગામના તમામ જાતિના ખેડુતોએ આશરે ૮૦૦ વિઘા ખેતીની કિંમતી જમીન મફત આપી અદભુત યોગદાન આપ્યુ જેના ઉપર કરમસદ નગર ઉભેલુ છે ઉપરાંત ચરામાં દરેકને તબીબી સારવાર સારી રીતે મળી શકે તે હેતુ થી કરમસદમાં શ્રી ક્રિષ્ણા હોસ્પિટલ ઉભી કરવા, વિજળી માટે સબ-સ્ટેશન બનાવવા, પાવર ગ્રીડ માટે પણ મહામુલી જમીનો દાનમાં આપેલ. વર્ષ ૧૯૬૦ દરમ્યાન લોકભાગીદારી (આજનું સરકારનું PPP Model - Public Private Partnership) દ્વારા પહેલી ડ્રેનેજ સીસ્ટમ શરૂ કરેલ છે, આમ આ સરદાર સાહેબનુ સપનુ સાકાર કરવાની માળાના આ એક એક મણકા હતા, અને ઘણુ બધુ કર્યુ પરંતુ સરદાર સાહેબના કરમસદ આખા દેશનુ કેન્દ્ર બનાવવાનુ સપનુ સાકાર કરવા કેન્દ્ર સરકાર તરફથી કરમસદને ખાસ દરજ્જો મળવો અનિવાર્ય છે.

સરદાર સાહેબના નામ અને યોગદાનનો ઉલ્લેખ કરીને આયોજન પંચ સમક્ષ કરમસદને ખાસ દરજ્જા માટે JNNURM સમાવવાની ૨૦૦૬,૨૦૧૦ અને ૨૦૧૨ એમ ત્રણ ત્રણ વાર માંગ કરનાર તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર

મોદી દેશના પ્રધાનમંત્રી થયા પછી તેમને ખુદે પોતાની એ રજુઆત અભેરાય ઉપર ચડાવી દીધી છે એટલુ જ નહી ઉલ્ટાનુ મોદીની ભાજપા સરકાર કરમસદ નગરને સુચિત આણંદ કોર્પોરેશનનો હિસ્સો બનાવી કરમસદ નગરના નામનુ ઐતિહાસિક,રાજકીય અને ભૌગોલિક મહત્વ અને અસ્તિત્વ મીટાવી દેવાના પેરવી કરી રહી છે. એટલે કે કરમસદને દેશનુ કેન્દ્ર બનાવી આદર્શ ગામના સરદાર વલ્લભભાઇ પટેલના સપનાને કચડવા જઈ રહી છે.આ છે સરદાર વિરોધી વિચારધારાનો અસલી મિજાજ.

સરદાર પટેલની વિપરીત વિચારધારાના મજબુર નેતાઓની હકીકત દેશની જનતા સામે ધીરે ધીરે આવી રહી છે,સરદાર સાહેબના નામ કે પ્રતિમાના નામે ચુંટણીઓમા રાજકીય લાભો મેળવવા અને કેન્દ્ર સરકાર સામે ગુજરાતના મતદાતાઓને ખુશ કરવા સરદાર પટેલના નામ અને યોગદાનનો ઉલ્લેખ કરી કરમસદના ખાસ દરજ્જાની માંગણી કરવી,  અંતે હકીકત સામે આવી ગઈ સમયનુ કાળચક્ર બદલાયુ વેતેલા ૧૦ વર્ષમા સરદાર સાહેબના કામો અને યોગદાન તેમની સ્મૃતિમાથી અચાનક ગાયબ કેમ થઈ ગયા ? જનતાનો સામાન્ય સવાલ છે, કરમસદને ખાસ નગરનો દરજ્જો ક્યારે મળશે ?

**મનહર પટેલ I પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ**

**તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકાર સામે નીચે મુજબની ત્રણ રજુઆત કરી તેના અંશો.**

**52nd National Development Council, New Delhi**
**<u>9th December 2006</u>**

આયોજન પંચ દ્વારા JNNURM હેઠળ મિશન શહેરોની પસંદગી માટે જે માર્ગદર્શિકા નક્કી કરવામાં આવી છે **<u>સરદાર વલ્લભભા ઈ પટેલ દ્વારા આપવામાં આવેલા બલિદાનોને કારણે આપણા રાષ્ટ્રને સ્વતંત્રતા મળી છે.તેમના જન્મસ્થળો અનુક્રમે પોરબંદર અને આણંદ-કરમસદનો આ કાર્યક્રમ હેઠળ સમાવેશ કરવામાં આવ્યો નથી.</u>**

**55th National Development Council, New Delhi**
**<u>24th July, 2010</u>**

**JNNURM હેઠળ કરમસદ અને ગાંધીનગરનો સમાવેશ કરવા વિનંતી** તાજેતરમાં JNNURM હેઠળ પાંચમું શહેર એટલે કે પોરબંદરનો સમાવેશ કરવામાં આવ્યો છે. **<u>અમે ભારત સરકારને પણ વિનંતી કરી રહ્યા છીએ કે મિશન હેઠળ ગુજરાતના પાટનગર ગાંધીનગર અને સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થળ કરમસદને સામેલ કરવામાં આવે.</u>** અમે ઉપરોક્ત બે નગરોના સમાવેશ માટેની અમારી વિનંતીને ફરી એકવાર પુનરાવર્તિત કરીશું.

**<u>1st June, 2012</u>**

ગાંધીનગર અને કરમસદ ટાઉનનો JNNURM હેઠળ સમાવેશ છેલ્લા છ વર્ષથી વારંવાર રજૂઆતો કરવા છતાં પાટનગર ગાંધીનગર અને **<u>સરદાર પટેલના જન્મસ્થળ કરમસદ નગરનો JNNURM હેઠળ સમાવેશ કરવામાં આવ્યો નથી.</u>**

મનહર પટેલ
મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ